તારીખ : 02-10-2021

સમય : 0 મિનિટ

# ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

## ch 12

## 8th s.s

કુલ ગુણ : 19

*** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** [3]

1. સિલિકોન વેલી ક્યાં આવેલી છે?

(A) કેલિફોર્નિયામાં (B) જાપાન (C) અમદાવાદ (D) બેંગલુરુમાં

**જવાબ :** (A) કેલિફોર્નિયામાં

2. કયો ઉદ્યોગ સનરાઈઝ ઉદ્યોગના નામે ઓળખાય છે?

(A) માહિતી ટેકનોલૉજી (B) શણ ઉદ્યોગ (C) સુતરાઉ કાપડ ઉદ્યોગ (D) લોખંડ પોલાદ ઉદ્યોગ

**જવાબ :** (C) સુતરાઉ કાપડ ઉદ્યોગ

3. નીચેનામાંથી કયા પ્રાકૃતિક રેસા છે?

(A) શણ (B) પોલિએસ્ટર (C) એક્રેલિક (D) નાયલોન

**જવાબ :** (A) શણ

*** નીચેના વિધાનોમાં યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.** [3]

4. કાચો માલ .............અને.................

**જવાબ :** કપાસ,લોખંડ

5. કૃષિ આધારિત ઉદ્યોગ............. અને..............

**જવાબ :** ઉની કાપડ, ખાંડ

6. સહકારી ઉદ્યોગ .............અને................

**જવાબ :** અમૂલ, મધર ડેરી

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** [5]

7. ઉદ્યોગ શબ્દનો અર્થ શું છે?

**જવાબ :** ઉદ્યોગનો સામાન્ય અર્થ કોઈ પણ કાર્ય-શ્રમ કે પ્રવૃત્તિ બાદ મળતું ફળ. ઉદ્યોગની વ્યાખ્યા :- "કોઈપણ કાચા માલનું યાંત્રિક સહાય દ્વારા સ્વરૂપ બદલીને તેની ઉપયોગીતામાં વધારો કરનાર પ્રવૃત્તિને ઔદ્યોગિક ઉત્પાદન કે ઉદ્યોગ કહે છે."

8. ક્યાં મુખ્ય પરિબળો છે જે ઉદ્યોગના સ્થાનીકરણ પર અસર કરે છે.

**જવાબ :** ઉદ્યોગ માટે જરૂરી કાચા માલની ઉપલબ્ધતા, ભૂમિજળ, શ્રમ, ઊર્જા, મૂડી, પરિવહન વ્યવસ્થા, અન્ય માળખાગત સુવિધાઓ, સરકારી કાયદા અને સહાય ઉપરાંત બજાર જેવા પરિબળો ઉદ્યોગના સ્થાનીકરણ પર અસર કરે છે.

9. કયો ઉદ્યોગ મુખ્યત્વે આધુનિક ઉદ્યોગના કરોડરજ્જુ તરીકે ઓળખાય છે? શા માટે?

**જવાબ :** લોખંડ-પોલાદ ઉદ્યોગ આધુનિક ઉદ્યોગના મેરુદંડ તરીકે ઓળખાય છે. કારણ કે, ટાંકણીથી માંડીને ટેન્ક બનાવવા લોખંડ-પોલાદ વપરાય છે.

10. કપાસ ઉદ્યોગ મુંબઈમાં ઝડપથી શા માટે વિકાસ પામ્યો છે?

**જવાબ :** કારણ કે કાપડ ઉદ્યોગ માટે જરૂરી એવી ગરમ અને ભેજવાળી આબોહવા, આયાત-નિકાસ માટે બંદર, કાચા માલની ઉપલબ્ધતા અને કુશળ મજૂરો સહેલાઈથી પ્રાપ્ત થતા હતાં. જેને કારણે મુંબઈમાં કપાસ (કાપડ ઉદ્યોગ ઝડપથી વિકાસ પામ્યો.

11. બેંગલુરુ અને કેલિફોર્નિયામાં માહિતી ટેકનોલોજી ઉદ્યોગની વચ્ચે શું સમાનતા છે?

**જવાબ :** બેંગલુરુ અને કેલિફોર્નિયામાં આવેલી માહિતી ટેકનોલોજી ઉદ્યોગ વચ્ચે અનેક સામ્યતા છે જેમકે બેંગલુરુ દખ્ખણના ઉચ્ચપ્રદેશમાં આવેલ છે. જ્યારે સિલિકોન વેલી સાન્તાક્લોઝની ખીણનો ભાગ છે. બંને સ્થળોની આબોહવા સમશીતોષ્ણ છે.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** [8]

12. તફાવત લખો : ખેતી આધારિત અને ખનીજ આધારિત ઉદ્યોગ

**જવાબ :**

| | ખેતી આધારિત | ખનીજ આધારિત |
|---|---|---|
| 1 | ખેતી આધારિત ઉદ્યોગમાં કાચો માલ કૃષિમાંથી પ્રાપ્ત થાય છે. | ખનીજ આધારિત ઉદ્યોગનો કાચો માલ જમીનની અંદરથી પ્રાપ્ત થાય છે. |
| 2 | મનુષ્યના પ્રયત્નો દ્વારા કાચો માલ વધારી શકાય છે. | ખનીજો કુદરત દ્વારા નિર્માણ પામે છે. |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | |
|---|---|---|
| 3 | દા.ત. ખાદ્ય ઉદ્યોગ, સુતરાઉ અને શણના કાપડ ઉદ્યોગ, વનસ્પતિ તેલ ઉદ્યોગ. | દા.ત. લોખંડપોલાદ, સિમેન્ટ, રસાયણ ઉદ્યોગ. |

13. તફાવત લખો: સાર્વજનિક ક્ષેત્ર અને સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગ

**જવાબ :**

| | **સાર્વજનિક ક્ષેત્ર** | **સંયુક્ત ક્ષેત્ર** |
|---|---|---|
| 1 | સાર્વજનિક ક્ષેત્રની માલિકી રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની હોય છે. | સંયુક્ત ક્ષેત્રની માલિકી સરકાર અને ખાનગી વ્યક્તિની કે વ્યકિતઓના સમૂહની હોય છે. |
| 2 | આ ક્ષેત્રનું સંચાલન સરકાર કરે છે. | આ ક્ષેત્રનું સંચાલન માં વ્યાવસાયીક અભિગમ ધરાવતા નિષ્ણાત ખાનગી વ્યક્તિ ઓ પણ હોય. |
| 3 | દા.ત. એરોનોટિકલ લિમિટેડ, સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા | દા.ત. મારુતિ લિમિટેડ. |

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in